ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/ ૨૯૪૨-૭૯

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૩/૦૯/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- COVID-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને પ્રવેશથી વંચિત રહેલ ધોરણ-૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીને મળેલ રજૂઆત અનુસાર રાજ્યમાં COVID-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે અમુક લોકો સ્થળાંતર કરી રહ્યા છે. તેથી હજુ કેટલાક વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશ મેળવવાથી વંચિત રહેલ છે. COVID-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે પ્રવેશથી વંચિત રહી ગયેલ ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને કઈ તારીખ સુધી શાળામાં પ્રવેશ આપવો તે અંગે માર્ગદર્શક સૂચના જાહેર કરવા અત્રેની કચેરીને વિનંતી કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ની પૂરક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને પણ ધોરણ-૧૧માં પ્રવેશ મેળવવાનો થાય છે.

ઉક્ત વિગતે COVID-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને શૈક્ષણિક વર્ષ-૨૦૨૦/૨૧ માટે ધોરણ-૯ થી ૧૨માં પ્રવેશથી વંચિત રહેલ વિદ્યાર્થીઓને શાળામાં તા.૩૦/૦૯/૨૦૨૦ સુધી પ્રવેશ આપી શકાશે. ત્યારબાદ તા.૩૧/૧૦/૨૦૨૦ સુધી જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે. આ અંગેની વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારુ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા. ૨૩/૦૯/૨૦૧૦.

નકલ સવિનય રવાના :-

- માન.અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

D:\Snehalben\COVID-19 ધોરણ-૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓને પ્રવેશ બાબત. docx

પ્રતિ આચાર્યશ્રી
તમામ સરકારી, ગ્રાન્ટેડ, નોનગ્રાન્ટેડ શાળા
જિ. સુરત

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.

Scanned by CamScanner